ગાંધીનગર સમાચાર
તા. ૨-૧-૨૦૧૪,ગુરૂવાર

તંત્રી સ્થાનેથી....

લોકનાયકના આશાસ્પદ રોલમાં કેજરીવાલ

આજ સુધી ફક્ત કચકડાના પડદે જોવા મળેલી એક દિવસના મુખ્યમંત્રીની રોમાચંક કલ્પના દિલ્હીના નવા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સ્વરૂપે સાકાર થતી જોઈ કયા ભારતીય નાગરિકના હૈયે હરખની હેલી નહીં ચડી હોય? કોઈએ સ્વપ્ને પણ નહીં વિચાર્યું હોય કે વારંવાર મોં આડો હાથ ધરીને ઊધરસ ખાતો બીમાર 'આમ આદમી' ભીતરથી વજ જેવો નક્કર નીવડશે. ચૂંટણી ઢંઢેરા તો બધા પક્ષો બહાર પાડે છે. મતદારો પણ જાણતા હોય છે કે એ તો બધાં પોથીમાંનાં રીંગણાં હોય છે. એ ગાજરની પીપૂડી વાગે ત્યાં લગી વગાડ્યા કરવાની, જેવી વાગતી બંધ થાય કે ચૂપચાપ ચાવી ખાવાની. આમ આદમી પાર્ટીના ચૂંટણી ઢંઢેરા વિશે કોંગ્રેસ અને ભાજપ- બેઉના રાષ્ટ્રીય અને પ્રદેશ કક્ષાના નેતાઓ એકી અવાજે કહેતા રહ્યા કે આ લોકો કયારેય ન પાળી શકાય એવાં ખોટાં વચનો આપીને પ્રજાને બહેકાવી રહ્યા છે. ચૂંટણીમાં 'આપ'ના ઉમેદવારો ગજું કાઢતા લાગ્યા ત્યારે ભાજપને એ નડશે એવી દહેશત ગઈ. તેથી ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસોમાં કોંગ્રેસ વિરોધી મતોમાં વિભાજન અટકાવી ભાજપ તરફી મતદાન કરવાની અપીલોનો વરસાદ વરસાવાયો. ત્યારે કોઈને કલ્પના સુધ્ધાં નહોતી કે શીલા દીક્ષિત જેવી ધરખમ વિકેટ લઈ કેજરીવાલ ટીમ લીડર તરીકે બહાર આવશે. શીલાએ તો પત્રકારને સામો સવાલ કરેલો 'આ કેજરીવાલ વળી કોણ છે? અમારી લડાઈ તો ભાજપ સામે છે' ભાજપવાળાઓએ હોબાળો મચાવી દીધેલો કે 'આપ' તો કોંગ્રેસની બી-ટીમ છે. દિલ્હીના ચૂંટણી સંયોજક અને ભાજપના પૂર્વ રાષ્ટ્રીય પ્રમુખ નીતિન ગડકરી વારંવાર કોંગ્રેસ અને 'આપ' વચ્ચે થયેલી ગુપ્ત 'ડીલ'ની વાત કરતા રહ્યાં છે. હજી લગી એનો પુરાવો નથી આપી શક્યા. લોકોએ ભાજપને પણ કોંગ્રેસ જેટલો જ અવિશ્વસનીય અને ભ્રષ્ટ પક્ષ ગણી નવી પાર્ટીમાં ભરોસો મૂક્યો, જેથી ઊજળી છબી ધરાવતા ડૉ. હર્ષવર્ધન જેવા બિનવિવાદાસ્પદ નેતાને મુખ્યમંત્રીપદના દાવેદાર તરીકે આગળ ધર્યા છતાં પાર્ટી સ્પષ્ટ બહુમતી ન મેળવી શકી. હવે જ્યારે સત્તારૂઢ થવાની વાત આવી ત્યારે સૌથી મોટા પક્ષ તરીકે ઊપસી આવેલ ભાજપે પારોઠનાં પગલાં ભર્યાં. કોંગ્રેસે બહારથી ટેકો આપવાનું લખાણ આપ્યું એટલે 'આપ' પાર્ટી સરકાર બનાવવા સહમત થઈ. કેજરીવાલ માટે આ ભારે કસોટીનો સમય હતો. એમણે સામેથી કોંગ્રેસનો ટેકો નહોતો માગ્યો. લોકશાહીનો વિવેક સમજીને કોંગ્રેસે ટેકો આપવાનો વ્યૂહ ગોઠવ્યો હતો, તેની કેજરીવાલને પાકી ખબર હતી. તેથી કોંગ્રેસના શુભ ઈરાદા બાબતે એમની શંકા આજપર્યંત યથાવત જ રહી છે. શી ખાતરી કે ત્રીજી તારીખે વિધાનસભાના ફલોર પર નામોશીભરી હાર અને ભવિષ્યમાં પોતાની સામે થનાર તપાસથી ગભરાયેલી કોંગ્રેસના નટખટ ધારાસભ્યો કોઈ નવો ખેલ નહીં જ પાડી દે? સ્પીકરની ચૂંટણીમાં પણ બળાબળનાં પારખાં થઈ શકે. ભાજપે તો વિશ્વાસના મત વખતે સરકારની વિરુદ્ધ મતદાન કરવાનો નિર્ણય જાહેર કરી જ દીધેલો છે. આવકવેરા કમિશ્નર જેવા પદ પર કામ કરી ચૂકેલા ઍક્ટિવિસ્ટ કેજરીવાલ બહુ વિચક્ષણ પ્રતિભા છે. એ પૂરેપૂરા પારદર્શક છે. એમને દંભ નથી આવડતો. એમની કથની અને કરણી જુદી નથી. તેથી એ કોંગ્રેસ અને ભાજપ- બેઉથી સાવચેત બલકે સાશંક રહે તે સ્વાભાવિક છે. પોતાની પાસે કામ કરવા માટે ફકત ૪૮ કલાક બચ્યા છે, એવું વિધાન કરીને એમણે બેઉ મુખ્ય રાજકીય પક્ષોની દાનત વિશે દિલ્હીની પ્રજાને આગોતરા ચેતવી દીધી છે. કેજરીવાલે આજ દિન સુધી કોઈ રાજકીય પક્ષે કે મોટા નેતાએ નહીં કર્યાં હોય એવાં બે મુખ્ય કામો ગણતરીના કલાકોમાં કરી દઈ ચૂંટણી વચન પૂરાં કરવાનો વિક્રમ સર્જ્યો છે. એમણે મહિને કુટુંબ દીઠ વીસ હજાર લિટર પાણી મફત આપવાનું વચન સત્તારૂઢ થયા પછી પહેલા જ દિવસે પાળી બતાવ્યું છે. વીજળી દરમાં ૫૦ ટકા ઘટાડો કરવાનું વચન પણ લથડતી તબિયત છતાં તત્કાળ પાળી બતાવીને એમણે વિરોધીઓની બોલતી બંધ કરી દીધી છે. ૪૦૦ યુનિટ સુધીનાવપરાશકારોને હવે અગાઉની સરખામણીએ અડધું જ વીજબીલ ભરવું પડશે. એમણે આ ત્વરિત પગલાં ભરીને પ્રજાની સમક્ષ પોતાની વિશ્વસનીયતા પ્રસ્થાપિત કરી દીધી છે. રાહુલ ગાંધીએ એમની પાર્ટીની કારમી હારનું પૃથક્કરણ કરતી વેળાએ આમ આદમી પાર્ટી પાસેથી કોંગ્રેસી કાર્યકરોએ ઘણું બધું શીખવા જેવું છે, એવું નિવેદન કર્યું હતું. પરંતુ કોંગ્રેસ તો હજી એની 'વોહી રફતાર બેઢંગી'માં ચાલી અને મહાલી રહી છે. કેજરીવાલને ભાજપના ખેરખાં પણ ખાલી પરપોટા ગણાવી રહ્યા છે. ૨૦૧૪ની ચૂંટણીઓમાં કેજરીવાલ ઈફેકટ એમની તમામ ગણતરીઓ ઊંધી વાળી શકે છે, એ સત્ય હજી એમને સમજાયું નથી. એ સત્ય સમજાશે ત્યાં સુધી કદાચ ઘણું મોડું થઈ ગયું હશે અને યમુનામાં ઘણાં પાણી વહી ગયાં હશે. એમને મોદીના સહારે વૈતરણી તરી જવાનો ભરોસો હશે, પરંતુ ખુદ મોદી અંદરથી હચમચી ગયા છે. કેજરીવાલ દિલ્હી બેઠાં બેઠાં ગુજરાતમાં સપાટો બોલાવવાની વેતરણમાં છે. આશા રાખીએ કે આમ આદમીની છવિ ધરાવતા તેમજ વીઆઈપી- સિન્ડ્રોમથી મુક્ત રાજકારણના બલકે લોકકારણના હિમાયતી કેજરીવાલની રાજકીય તબિયત પણ સુધરે અને ૨૦૧૪નું વર્ષ એમને અને દેશની પ્રજાને ફળે.

ગાંધીનગર ટીચર એજયુકશન યુનિવર્સિટી દ્વારા કનૈયાલાલ મુનશીની જન્મ સવા શતાબ્દીની ઉજવણી કરાઈ

વર્ષો પહેલા મુનશીજીએ વન મહોત્સવની સંકલ્પના દ્વારા પર્યાવરણની ચિંતા કરી હતી : અનિલ જોશી : મુનશીજી ગુજરાતી પ્રજાને વિનાશમાંથી નિર્માણ કરનારી પ્રજા માનતા હતા : વિષ્ણુ પંડયા

ગાંધીનગર, તા.૧

ગુજરાતી અસ્મિતાના સર્જક કનૈયાલાલ મુનશીની સવા શતાબ્દીની ઉજવણી નિમિત્તે ગુજરાતમાં પહેલી વાર ગાંધીનગરની ટીચર્સ યુનિ. દ્વારા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જાણિતા કવિ નિબંધકાર અને કટાર લેખક અનિલ જોશી તેમજ વિખ્યાત ઈતિહાસ વિદ અને વરિષ્ઠ પત્રકાર વિષ્ણુ પંડયાએ મુનશીના બહુમૂલ્ય પ્રદાન વિશે તેમનું વકતવ્ય આપ્યું હતું.

સે-૧૫માં આવેલ સરકારી કોલેજ કેમ્પસમાં આવેલ ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર એજયુકેશન દ્વારા યોજાયેલ આ કાર્યક્રમમાં કવિ અનિલ જોશીએ કનૈયાલાલ મુનશીના જીવનના અનેક પ્રસંગો અને સાહિત્યમાં તેમના પ્રદાનની ઝાંખી કરાવી હતી. તેમણે વર્ષો પહેલા મુનશીજીએ વન મહોત્સવની સંકલ્પના આપી હતી તેની યાદ અપાવવાની સાથે સાથે ભારતના બંધારણના ઘડતરમાં મુનશીજીના પ્રદાન અંગે પણ શ્રોતાઓને માહિતગાર કર્યા હતા. ગુજરાતનો નાથ, પૃથ્વિ વલ્લભ અને જય સોમનાથ જેવી નવલકથાઓ દ્વારા મુનશીજીએ યુવા વર્ગમાં તેમનો પ્રભાવ ઉભો કર્યો હતો તેવા ઉલ્લેખ સાથે તેમણે આ કાર્યક્રમ યોજવા બદલ આયોજકોને ધન્યવાદ પણ પાઠવ્યા હતાં.

જાણીતા ઈતિહાસ વિદ અને વરિષ્ઠ પત્રકાર વિષ્ણુ પંડયાએ મુનશીજીએ પ્રયોજેલા ગુજરાતી અસ્મિતાના શબ્દની વિભાવનાના ચાર લક્ષણો સંઘર્ષ સંવાદ, સામંજસ્ય અને સિધ્ધિ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. ગુજરાતી પ્રજા વિનાશમાંથી નિર્માણ્ય કરનારી પ્રજા છે તેવું મુનશીજી વારંવાર કહેતા હતા તેવું જણાવતા તેમણે ગુજરાતને એક મહાન વૃક્ષ સમાન ગણાવ્યું હતું. જેના મૂળમાં પરમાત્માનો વાસ અને કર્મયોગ છુપાયેલા છે. ટીચર્સ યુનિ.ના કુલપતિ ડૉ. કમલેશ જોશીપુરાએ મુનશીજીના કર્મયોગને બિરદાવતા તેમના સંસ્કૃત ભાષા તેમજ ઈતિહાસ લેખન માટેના અભૂતપૂર્વ પ્રદાનને યાદ કર્યું હતું.

આ કાર્યક્રમના અંતે કનૈયાલાલ મુનશીના જીવનકવનપરનો એક વિડીયો દર્શાવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં યુવા વર્ગની મોટી હાજરી વિશેષ ધ્યાન ખેંચનારી બની હતી.

હરિની દૃષ્ટિ...

બહેનજી, આ ઘાબળો તો હમણાં ફાટી જશે, પછી ઠંડી ઉડાડવા અમારે તો છેલ્લે દારૂ પીવા સિવાય કોઇ ઉપાય નથી... માટે થોડા રોકડા આલતા જાવ..

'તપસ્વી મા-બાપ થવાનું પુણ્ય આપનાર બાળકો' વિષય પર ગોષ્ઠિ કરવામાં આવશે

ગાંધીનગર, તા.૧

સેવાકીય કાર્ય સાથે નાતો જોડેલી સંસ્થા હેત ફાઉન્ડેશન દ્વારા માનસિક વિકલાંગ બાળકો માટે મિલન સહિત પિકનીક કાર્યક્રમ ૫ જાન્યુઆરી રવિવારના રોજ યોજવામાં આવશે.

હેત ફાઉન્ડેશન દ્વારા ઈન્દ્રોડા પાર્ક ગાર્ડનમાં યોજાનાર કાર્યક્રમમાં શહેરના જાણીતા વકતા મનોજ શુકલ 'તપસ્વી મા-બાપ થવાનું પુણ્ય આપનાર બાળકો' વિષય પર વાલીઓ સાથે ગોષ્ઠિ કરશે.

કાર્યક્રમ દરમિયાન બાળકોને રમત ગમત ગીત સંગીતની તાલીમ તેમજ બાળકોના વિકાસ માટે શું થઈ શકે છે તેની વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવશે. કાર્યક્રમમાં માનસિક ક્ષતિ ધરાવતા બાળકો સાથે ઉપસ્થિત રહેવા માગતા વાલીએ મીરા ગઢવી ૯૪૨૯૦૯૨૩૦૬ અને નિયતી ભટ્ટ ૯૪૨૬૩૫૭૪૫૪ પર રજીસ્ટ્રેશન કરાવવા જણાવ્યું છે.

યુનિવર્સિટીને મળતી ગ્રાન્ટ માટે નેક એક્રીડેશન જરૂરી

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા ઉચ્ચ શિક્ષણમાં સુધારો કરવા હવે નેક એક્રીડેશન માટેની પ્રક્રિયાની શરૂઆત કરાઈ

અમદાવાદ, તા.૦૧

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા દેશના ઉચ્ચ શિક્ષણમાં ક્રમશઃ સુધારો થતો રહે તે માટે નેક એક્રીડેશનની પ્રક્રિયા શરૂ કરાઈ છે. જે દર પાંચ વર્ષે રી-એ કે ડીકેશન કરાવવું ફરજીયાત હોય છે જો કે ગુજરાત યુનિવર્સિટીના નેક એક્રીડેશનને પાંચ વર્ષ પૂર્ણ થયાને નવ મહીના પૂર્ણ થયા હોવા છતાં હજુ સુધી રી-એક્રીડેશન કરાવવા માટે યુનિવર્સિટી તંત્ર ઉદાસીન રહ્યું છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ નેક દ્વારા ૩૧ માર્ચ ૨૦૦૭ના રોજ ગુજરાત યુનિવર્સિટીને બી-પ્લસ ગ્રેડ ફાળવવામાં આવ્યું હતું. આ નેક એક્રીડેશન મળ્યે પાંચ વર્ષ પૂર્ણ થઈ ગયા હોવા છતાં હજુ સુધી રી એક્રીડેશન માટે ગુજરાત યુનિવર્સિટી તંત્ર ઉદાસીનતા દાખવી રહ્યું છે. યુનિવર્સિટીને નેક એક્રીડેશન મળ્યે ૩૦ માર્ચ ૨૦૧૨ના રોજ પાંચ વર્ષ પૂર્ણ થઈ રહ્યા હતા ત્યારે જુલાઈ ૨૦૧૨માં યુનિવર્સિટીના તત્કાલીન કુલપતિ પરીમલ ત્રિવેદીએ વિવિધ અનુસ્નાતક ભવનોના વડાઓની બેઠક ગુજરાત યુનિવર્સિટી ખાતે બોલાવી હતી. જેમાં નેક રિ-એક્રીડેશન અંતર્ગત રિપોર્ટ તૈયાર કરીને એક મહિનામાં રિપોર્ટ રજુ કરવા માટે આદેશ વિવિધ ભવનના વડાઓને આપ્યા હતા.

ગત વખતે યુનિવર્સિટીને એ ગ્રેડ ન મળ્યો હોવાથી રી-એક્રીડેશનમાં એ ગ્રેડ મળે તે માટે આહવાહન કરવામાં આવ્યું હતું. જો કે ત્યાર બાદ કુલપતિ પદે આદેશપાલ આવતા તેમણે સમગ્ર પ્રક્રિયાને દબાવી દીધી હતી. જો કે આદેશપાલના રાજીનામા બાદ યુનિવર્સિટી દ્વારા નેક રી-એક્રીડેશન માટે કવાયત ઝડપી બનાવાશે તેવું અનુમાન લગાવાઈ રહ્યું હતું. જો કે કોઈ અગમ્ય કારણોસર યુનિવર્સિટી દ્વારા આ બાબતે ઉદાસીનતા પ્રવર્તે છે. આ સાથે યુનિવર્સિટી કેમ્પસમાં એવી પણ ચર્ચા મળે છે કે અગાઉના કુલપતિ પરીમલ ત્રિવેદીએ નેક રી-એક્રીડેશન માટે બનાવેલી ટીમ નવા ટીમને આદેશપાલે વિખેરી નાખી હતી. ત્યારબાદ યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ તરીકે પદ સંભાળી રહેલ મુકુલ શાહ દ્વારા નવી ટીમ બનાવેલ છે. અને તે નેક રી-એક્રીડેશન અંગે કામગીરી કરનાર છે પરંતુ હજુ સુધી નેક અંગે કોઈ નક્કર કામગીરી થઈ નથી. ત્યારે ગુજરાત યુનિવર્સિટીને એ ગ્રેડ મળે તે વાત તો દુર રહી પરંતુ રિ-એક્રીડેશન થાય તે જ પુરતું છે.

યુનિવર્સિટી ગ્રાન્ટસ કમીશન (યુજીસી)ની સ્થાપનાને ૬૦ વર્ષ પૂર્ણ થયાના અવસરે તાજેતરમાં જ દિલ્હી ખાતે પ્રધાનમંત્રી ડૉ. મનમોહનસિંહની ઉપસ્થિતિમાં હિરક મહોત્સવ યોજાયો હતો. વડાપ્રધાને તેમના વકતવ્યમાં યુનિવર્સિટીઓને સમાજજીવનની આવશ્યકતાઓની પૂર્તિ કરવા કટિબધ્ધ થવાની સાથે અસરકારક અને અર્થપૂર્ણ સંશોધન થાય તે બાબત પર ભાર મૂકવા અનુરોધ કર્યો હતો. યુજીસીના ચેરમેન પ્રો. વેદપ્રકાશે અનેક ચડાવ-ઉતાર પછી આજે ભારતીય શિક્ષણ વ્યવસ્થા વિશ્વની ત્રીજા ક્રમની સૌથી મોટી શૈક્ષણિક વ્યવસ્થા તરીકે ઉભરી આવ્યાનું જણાવ્યું હતું. આ મહોત્સવમાં ગાંધીનગરની ઈન્ડિયન ઈન્સ્ટીટયૂટ ઓફ ટીચર એજયુકેશનના કુલપતિ ડૉ. કમલેશ જોષીપુરા અને સૌરાષ્ટ્ર યુનિ.ના કુલપતિ પ્રો. મહેન્દ્ર પાડલીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતના આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળને માનવતાવાદી અભિગમમાં શ્રેષ્ઠ પુરસ્કાર મળ્યો

ગાંધીનગર, તા. ૧

ગુજરાત રાજયના આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળને ભારતમાં માનવતાવાદી અભિગમમાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ શ્રેષ્ઠ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.

ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન ઝ્રુમેનીટેરીયન લોજીસ્ટિકસ, યુનિસેફ, યુએનડીપી અને ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, રાયપુર દ્વારા ભારતમાં માનવતાવાદી અભિગમમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળને પુરસ્કાર આપવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આયોજક સમિતિ દ્વારા ભારતમાં આપત્તિ વ્યવસ્થાપન તથા માનવતાવાદી અભિગમના ક્ષેત્રે જે સંસ્થાઓએ ઉત્કૃષ્ટ કામગીરી કરી હોય તેવી સંસ્થાઓને આર્મી સ્ટાફના ભૂતપૂર્વ વડા જનરલ એન. સી. વીજની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નિષ્ણાંતોની પેનલ મારફતે પસંદગી કરવામાં આવી હતી. આ પેનલ દ્વારા આગોતરી ચેતવણી તથા -સાર આપત્તિના -તિકાર માટેની સજ્જતા, શોધ બચાવ અને સ્થળાંતર તેમજ આપત્તિ બાદના રાહતકાર્યો, પુનઃસ્થાપન અને પુનઃનિર્માણ એમ ચાર કક્ષાઓ પૈકી આપત્તિ -તિકાર માટેની સુસજ્જતાની કક્ષા હેઠળ એક માત્ર પુરસ્કાર માટે જી.એસ.ડી. એમ.એ.ની પસંદગી કરાઈ છે. વર્ષ ૨૦૦૧ના વિનાશક ભૂકંપ બાદ પુનઃસ્થાપનની શ્રેષ્ઠ કામગીરી માટે આ પુરસ્કાર એનાયત કરાયો છે.

ફેલોશિપ એવોર્ડ માટે પસંદગી કરાઈ

ગાંધીનગર, તા.૧

ઈન્ટરનેશનલ સોસાયટી ઓફ ડર્મેટોલોજી ફેલોશિપ એવોર્ડ રાજકોટ સ્થિત અને ગુજરાત અદાણી મેડીકલ કોલેજ ખાતે ફરજ બજાવતા ચર્મરોગ નિષ્ણાત ડૉ. દિપ જોષીપુરાની પસંદગી કરવામાં આવી છે.

B.A.O.U. ના વિવિધ કોર્ષની પ્રવેશ પ્રક્રિયા શરૂ

શહેરમાં સે-૧૫ ખાતે આવેલી સરકારી વિનયન કોલેજમાં ડૉ. આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા વિવિધ સર્ટીફીકેટ કોર્ષ ચલાવવામાં આવે છે. જેમાં સી.સી.સી., બી.એ., એમ.એ., કોર્ષની પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. રસ ધરાવતા વિદ્યાર્થીઓએ તા. ૭ જાન્યુઆરી સુધી ફોર્મ ભરવા જણાવ્યું છે.

ગાંધીનગર ખાતે કલાઈમેટ ચેન્જ વિષયક એક દિવસીય સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧

કલાઈમેટ ચેન્જ વિભાગ, ગુજરાત સરકાર અને સરકારી વિનયન કોલેજ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આજરોજ વિવિધ કોલેજોના -ધ્યાપકો માટે કલાઈમેટ ચેન્જ વિષય પરના એક દિવસીય પરિસંવાદનું આયોજન જી.સી.આર.ટી ભવનના હોલમાં ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

આ પરિસંવાદના અધ્યક્ષ સ્થાને પધારેલા કલાઈમેટ ચેન્જ વિભાગના આઈ.એફ.એસ અને પી.સી.સી.એફ શ્રી સી.એન. પાંડેએ જણાવ્યું હતું કે, ટેકનોલોજીના યુગમાં વિકાસ ખૂબ જ જરૂરી છે. વિકાસની સાથે સાથે પર્યાવરણની જાળવણી પણ ખૂબ જ મહત્વની બાબત છે. કાર્બન ડાયોકસાઈડ હાલમાં કલાઈમેટ ચેન્જનો મોટો ઁ છે. કાર્બન ડાયોકસાઈડએ મનુષ્ય, -ણી અને અન્ય કુદરતી સજીવો ઉત્પન્ન કરે છે. તેની સાથે સાથે ઔદ્યોગિક ક્ષેત્રે, વાહનો દ્વારા જેવી અનેક રીતે ઉત્પન્ન થાય છે. કાર્બન ડાયોકસાઈડની માત્રા ઘટાડવા માટે શું પગલા લેવા જોઈએ તેની પણ વિસ્તૃત વાત કરી હતી. તેમણે પ્લાસ્ટિક અને સોલીડ વેસ્ટથી થતાં -દૂષણની વાત કરીને રીસાયકલીંગ કરી વાપરી શકાય તેવી ચીજ વસ્તુઓને વાપરવા માટે ખાસ ભાર પૂર્વક સર્વેને અનુરોધ કર્યો હતો. તે ઉપરાંત કલાઈમેટ ચેન્જથી બચવા દરેક વ્યક્તિએ પાણી, વીજળી, બળતણ, કાગળ, પેટ્રોલ જેવી ચીજ વસ્તુઓનો સદ ઉપયોગ કરવા માટે પણ ભારપૂર્વક જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ કલાઈમેટ ચેન્જ વિભાગની શરૂઆત કરવામાં આવી છે. દેશમાં ગુજરાત રાજય જ એક એવું રાજય છે કે જયાં કલાઈમેટ ચેન્જ વિભાગની શરૂઆત કરવામાં આવી છે. આ વિભાગ દ્વારા આ દિશામાં લોક જાગૃતિ લાવવા માટે અનેક કામો કરવામાં આવી રહ્યાં છે.

આ -સંગે કલાઈમેટ ચેન્જ વિભાગના નાયબ સચિવ શ્રી ઝીઝાલાએ કલાઈમેટ વિભાગ શું કામગીરી કરે છે, તેની વિસ્તૃત માહિતી લોકો સુધી પહોંચાડવા આવા સેમિનારોનું આયોજન કરવામાં આવે છે, તેમ જણાવ્યું હતું. રાજયમાં વર્ષ - ૨૦૦૯થી આ વિભાગ કાર્યરત છે. આજના સેમિનાર થકી આપ સર્વે આપની કોલેજોના વિદ્યાર્થીઓમાં કલાઈમેટ ચેન્જ વિષયની જાગૃતિ લાવી શકશો. તે ઉપરાંત કલાઈમેટ ચેન્જથી હાલમાં થયેલ વિવિધ અસરોની પણ વિસ્તૃત વાત કરી હતી.

આ -સંગે સમગ્ર કાર્યક્રમનું સંચાલન ફાલ્ગુની શાહ અને -ે. જોલી દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સેમિનાર સફળ બનાવવા માટે નમિતા શર્મા, ડૉ. યોગેશ યાદવ, અનુપા ચૌહાણ, ડૉ. હર્ષદ પરમાર અને ડૉ. નરેન્દ્ર પરમારે સારી જહેમત ઉઠાવી હતી.

આ સેમિનારમાં આઈ.એફ.એસ શ્રી -દિપસિંહ, તેહરી યુનિવર્સીટી, ન્યુ દિલ્હીના -ે. શ્રી ડૉ. પી. કે. જોષી, સરકારી વિનયન કોલેજના આચાર્ય શ્રી નિયતી મિસ્ત્રી, સહિત વિવિધ યુનિવર્સીટીના -ધ્યાપકોશ્રીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં.

આયુર્વેદમાં લાંબો સમય દવા લેવી પડે છે આ માન્યતા ખોટી છે : હિતેશ જાની

સંસ્કૃત ભારતીય સંસ્કૃતિનો પાયો છે. આપણે આપણા શાસ્ત્રો અને આયુર્વેદમાં વિશ્વાસ કેળવવો જોઇએ. આયુર્વેદમાં અભ્યાસ અને સંશોધન કરીને જો કામ કરવામાં આવે તો મેડિકલ ક્ષેત્રે રહેલી ક્ષતિયો દૂર કરી શકાય. તેમ મહારાષ્ટ્રના સર્જન ડો. સુનિલ ઘાટે એ જણાવ્યું હતું. એસ.જી.વી.પી. (સ્વામીનારાયણ ગુરૂકુળ) છારોડી, અમદાવાદ ખાતે "આયુષ વિવેક પરિષદ ૨૦૧૩" ના દેશભરમાં વૈદ્યો પોતાના સંશોધન પત્રો (રિસર્ચ પેપર) રજૂ કર્યા હતા અને અંદાજિત ૧૨૦૦ જેટલા વિવિધ દર્દીઓને વિના મૂલ્યે સારવાર તથા દવાઓ અપાઇ હતી. તેમ પરિષદના વ્યવસ્થાપન સેક્રેટરી વૈદ રાજેશ ઠક્કરે જણાવ્યું હતું.

વૈદ્ય રાજેશ ઠક્કરના જણાવ્યાં અનુસાર આ બે દિવસના રાષ્ટ્રીય કક્ષાના કેમ્પમાં અસાધ્ય રોગ સાયટીકા અસ્થમાના દર્દીઓને અગ્નિકર્મ અને કર્ણવેધન કરીને તાત્કાલિક રાહત મેળવી હતી. ક્ષાલ્યકર્મ (સર્જરી) કર્યા બાદ દર્દી ત્યાં જ ચાલતા ગયા હતા. અને દર્દ દૂર થયું હતું.

આયુર્વેદ વ્યાસ પીઠના પ્રમુખ વૈદ હિતેશ જાનીએ જણાવ્યું છે કે, આયુર્વેદમાં લાંબો સમય દવા લેવી પડે છે અને ચરી પણ પાળવી પડે છે. તે માન્યતા ખોટી છે. પરંતુ હાલનું જંક ફુડ નુકશાન કારક છે. વધુ લોકોને જાગૃતિ માટે આગામી ફેબ્રુઆરીમાં ચૌદ હજાર દર્દીઓને તપાસવાની એક વિશાળ નિઃશુલ્ક રોગ નિદાન કેમ્પનું મોટું આયોજન કરવામાં આવશે.

આયુર્વેદ વ્યાસ પીઠના જનરલ સેક્રેટરી વૈદ ફાલ્ગુન પટેલે જણાવ્યું કે, આહાર, વિહાર, ભોજન, ભોજન ઋતુચર્યા, દિનચર્યા અંગેના પ્રદર્શનમાં દસ હજાર લોકોએ ભાગ લીધો હતો.

આ રાષ્ટ્રીય પરિષદમાં વૈદ્ય વિનય વેલકરણજીએ જણાવ્યું કે, આપણાં પાઠ્યપુસ્તકમાંથી સંસ્કૃત જતું રહ્યું છે. જર્મન, અમેરિકન, લોકો આપણને સંસ્કૃતના પાઠ ભણાવે છે ત્યારે આશ્ચર્ય થાય છે. માટે આપણે આપણી પૌરાણિક સંસ્કૃતિને ચિકિત્સા પદ્ધતિને ભૂલવાની જગ્યાએ જાળવી, સાચવી રાખવી જોઇએ.

ભારતમાં આજે કેટલાય પરિવારો છે જેમની પેઢી દર પેઢીમાં આયુર્વેદનની અનોખી પદ્ધતિઓનો વારસો ચાલ્યો આવે છે. મહારાષ્ટ્રના પૂણે વિસ્તારમાં રહેતા ડો. વિન્દ્રા સાઠે આયુર્વેદની અગ્નિકર્મ ટેકનિકના જ્ઞાતા છે. છેલ્લી ચાર પેઢીથી ચાલી આવતી આ પરંપરાના છેલ્લા વારસદાર કહી શકાય.

અગ્નિકર્મ એટલે એવી પદ્ધતિ જેમાં અગ્નિને સહારે (દગ્ધ) સાંધાના વા, આમ્રવાત, સાંગણ, કરોડરજ્જુના દર્દી, મોઢાનો લકવા વગેરે સમસ્યા દૂર કરી શકાય છે. ડો. વિન્દ્રા સાઠેએ જણાવ્યું છે કે, અગ્નિકર્મ પદ્ધતિ આપણા ચિકિત્સા શાસ્ત્રમાં જોવા મળતી હતી. શરીરના દર્દી માટે આ પદ્ધતિનો ઉપયોગ થતો હતો. આપણું આયુર્વેદ ઉચ્ચ કોટિનું છે. આ ક્ષેત્રે સંશોધન (રિસર્ચ) કરવાની જરૂર છે. પિતાજી પાસેથી પ્રેરણા મેળવી ૭૨-૭૪ માં આયુર્વેદ યુનિવર્સિટીમાં અગ્નિકર્મના અભ્યાસ બાદ પી.એચ.ડી. કરી ૪૦ વર્ષથી સેવા આપું છું.

ગુજરાતના ઇતિહાસમાં પ્રથમવાર દેશભરના ૧૫૦૦થી વધુ આયુર્વેદના ક્વોલિફાઇડ વૈદ્યોનું મહાસંમેલન યોજાયું હતું. આ રાષ્ટ્રીય પરિષદમાં ૫૬ જેટલા રિસર્ચ પેપર તથા ૨૫૦ જેટલા વૈદ્યોએ તાલીમ લીધી હતી.

અમદાવાદમાં આયુષ વિવેક પરિષદ, માઝતિ ટાવર, શિવરંજની ક્રોસ રોડ, સેટેલાઇટ રોડ, અમદાવાદ-૧૫, મો.નં.૯૪૨૬૪૦૪૦૦૪ તથા ૯૧-૯૮૨૪૦૪૩૪૬૭ છે.

E-mail : aurvedvyaspeethgujarati@gmail.com